ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ:-1908/06/2023 તા:25/06/2023

**'ગ્રીન ગ્રોથ' અને વિકાસ ભી, સંરક્ષણ ભી સંદર્ભ કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવજી અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામાં ગુજરાતનાં પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ, વેપારી અગ્રણીઓ, ચાર્ટડ એકાઉન્ટન્ટો તથા પત્રકારો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો.**

----

**આજે ભારતે ઇસરોની મદદથી ટેકનોલોજીકલ એડવાન્સ સિસ્ટમ વિકસીત કરી છે. મોદી સરકારમાં ભારતે પર્યાવરણમાં સુધારા માટે ઘણા પગલા લીધા છે. – શ્રી ભુપેન્દ્ર યાદવ**

----

**ભારત જી-20માં એક માત્ર દેશ છે જેણે 2015માં પેરિસમાં જે એનડીસીસનું લક્ષ્ય રાખ્યું હતું તેને સમય કરતા 9 વર્ષ પુર્ણ કર્યુ. ભારત આજે ગ્રીનગ્રોથના વિષય પર વર્લ્ડ લિડરશીપ કરી રહ્યુ છે.- શ્રી ભુપેન્દ્ર યાદવ**

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે,મોદી સરકારના પરિવર્તનના 9 વર્ષ પૂર્ણ થવાના અવસરે ભારતીય જનતા પાર્ટી ગુજરાતના ઉપક્રમે આજ રોજ 'ગ્રીન ગ્રોથ' - વિકાસ ભી સંરક્ષણ ભી સંદર્ભ શીર્ષક હેથળ એક રાઉન્ડ ટેબલ ચર્ચાનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમના મુખ્ય વક્તા કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવજી (શ્રમ અને રોજગાર, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય) એ ચર્ચામાં ઉપસ્થિત ગુજરાતનાં પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ, વેપારી અગ્રણીઓ, ચાર્ટડ એકાઉન્ટો તથા પત્રકારો સહિતના ક્ષેત્રીય અગ્રણીઓ સાથે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના પર્યાવરણ અને આબોહવા પરિવર્તનને લઈને દેશમાં કરવામાં આવેલ કામગીરી તેમજ યોજનાઓ તથા ભવિષ્યના પર્યાવરણ સંબધી લક્ષ્યાંકો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમમાં શ્રી ભુપેન્દ્રભાઇ યાદવજીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કેન્દ્ર સરકાર વિકાસ સાથે પર્યાવરણની પણ ચિંતા કરી પર્યાવરણમા સુધારો આવે તે દિશામાં કામ કરી આજે વિશ્વના દેશોને પણ દિશા આપી રહ્યું છે. પર્યાવરણને બચાવવા આજે લોકો બે રીતે વિચારે છે કે ધરતીનું તાપમાન સતત વધી રહ્યુ છે,પાણીની સમસ્યા સર્જાઇ રહી છે તો બીજી તરફ લોકો વિચારે છે કે આજે ટેકનોલોજી એટલી આગળ આવી છે કે દરેક સમસ્યાનું નિવારણ મળશે. આ તમામ સમસ્યાઓ વચ્ચે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગ્લાસગોમાં જણાવ્યું હતું કે, પર્યાવરણ ફ્રેન્ડલી લાઇફ સ્ટાઇલ અપનાવવાનો સમય આવી ગયો છે. ભારતે દુનિયાને

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

કહ્યુ કે પર્યાવરણને લઇ સૌ સાથે મળીને કામ કરીએ. આજે ભારતે ઇસરોની મદદથી ટેકનોલોજીકલ એડવાન્સ સિસ્ટમ વિકસીત કરી છે. મોદી સરકારમાં ભારતે પર્યાવરણમાં સુધારા માટે ઘણા પગલા લીધા છે. યુકે અને ભારતે સાથે મળી જે કોલેશન બનાવ્યું તેને દુનિયામાં માન્યતા મળી છે. ધરતીનું તાપમાન સતત વધતુ જાય છે તે અંગે પણ વિસ્તૃત માહિતી આપી સરકાર દ્વારા લેવાયેલા પગલા અંગે પણ જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હમેંશા રીન્યુએબલ એનર્જી પર ભાર આપી રહ્યા છે. ભારત જી-20માં એક માત્ર દેશ છે જેણે 2015માં પેરિસમાં જે એનડીસીસનું લક્ષ્ય રાખ્યું હતું તેને સમય કરતા 9 વર્ષ પુર્ણ કર્યુ. ભારત આજે ગ્રીનગ્રોથના વિષય પર વર્લ્ડ લિડરશીપ કરી રહ્યુ છે. ભારત ક્લાયમેટ ક્ષેત્રમાં સસ્ટેનેબલ અને બ્લુ ઇકોનોમીને મજબૂત કરવા મુદે કટીબદ્ધ છે.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ માન. શ્રી સીઆર પાટિલ સાહેબ તથા ગુજરાત પ્રદેશ ભાજપ પ્રવક્તા શ્રી યમલભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત તથા આભાર વિધિ ગુજરાત પ્રદેશ ભાજપ કન્વિનર ડૉ. યજ્ઞેશ દવેએ કર્યા હતા.

આ કાર્યક્રમાં સહ પ્રવકતાશ્રીઓ શ્રી ભરતભાઈ ડાંગર, ડૉ. ઋત્વિજ પટેલ ,શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, , શ્રી કિશોરભાઈ મકવાણા, પ્રદેશ મીડિયા સહ કન્વીનરશ્રી ઝુબિનભાઇ આશરા, અમદાવાદ શહેરના પ્રમુખ અને ધારાસભ્ય શ્રીઅમિત ભાઇ શાહ,અમદાવાદ શહેર મહામંત્રીશ્રી ભુષણભાઇ ભટ્ટ,આગેવાનશ્રી ડો.અનિલભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)